# 'ચિપ બાય ચિપ', સેમિકન્ડક્ટર વેલ્યુ ચેઇનનું : મોદી નિર્માણ

**પીએમ** મોદીના હસ્તે ૭,૬૦૦ કરોડના અત્યાધુનિક 'સીજી સેમિ' પ્લાન્ટનો પ્રારંભ, દૈનિક ૧.૫ કરોડ ચિપ્સની ક્ષમતા

**સાણંદની** સેમિકન્ડક્ટર ક્ષેત્રે ભવ્ય 'હેટ્રિક', ૭,૬૦૦ કરોડના ખર્ચે 'સીજી સેમી' પ્લાન્ટ કાર્યરત



### માત્ર 27 મહિનાના રેકોર્ડ સમયમાં સાણંદના પ્લાન્ટમાં ઉત્પાદન શરૂ થયું: કેન્દ્રીય મંત્રી

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં ભારતનું સેમિકન્ડક્ટર મિશન હવે વાસ્તવિક સફળતામાં પરિવર્તિત થયું છે. તેમણે કહ્યું કે, માર્ચ-2024માં ભૂમિપૂજન બાદ માત્ર 27 મહિનાના રેકોર્ડ સમયમાં સાણંદના આ પ્લાન્ટમાં કોમર્શિયલ ઉત્પાદન શરૂ થયું છે. અહીં તૈયાર થતી ચિપ્સ ભારત ઉપરાંત જાપાન, અમેરિકા અને યુરોપ જેવા દેશોમાં પણ નિકાસ થશે. તેમણે ઉમેર્યું કે દેશમાં ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગ આજે 13 લાખ કરોડ રૂપિયાનો બની ગયો છે અને તેનાથી 25 લાખ લોકોને રોજગારી મળી રહી છે.

### ભારત વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇનમાં મહત્ત્વપૂર્ણ ભાગીદાર બન્યું: મુખ્યમંત્રી

ગાંધીનગરઃ સાણંદમાં શરૂ થયેલી સીજી સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરતી વધુ એક ઐતિહાસિક સિદ્ધિ ગણાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, 7,600 કરોડના રોકાણથી સ્થાપિત આ પ્લાન્ટ ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇનમાં મહત્વપૂર્ણ ભાગીદાર બનાવશે.

### માત્ર એક ફેક્ટરીથી વિકાસ થતો નથી, પરંતુ સમગ્ર ઈકોસિસ્ટમ ઊભી થાય છે: મોદી

સાણંદને આગામી સમયમાં વૈશ્વિક સેમિકન્ડક્ટર ક્લસ્ટર તરીકે વિકસાવવાની દિશામાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ સાબિત થશે તેમ જણાવતાં પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે માત્ર એક ફેક્ટરીથી વિકાસ થતો નથી, પરંતુ તેની આસપાસ સમગ્ર ઇકોસિસ્ટમ ઊભી થાય છે. ભારતમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગનો વિકાસ કોઈ અચાનક બનેલી ઘટના નથી, પરંતુ છેલ્લા દસ વર્ષમાં ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં થયેલી ક્રાંતિનું સ્વાભાવિક પરિણામ છે.

ગાંધીનગરઃ ગુજરાતનું સાણંદ હવે વૈશ્વિક ટેકનોલોજીના નકશા પર 'સિલિકોન વેલી'ની જેમ ચમકવા માટે સજ્જ થઈ ગયું છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે સાણંદે ભવ્ય હેટ્રિક સર્જી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સાણંદમાં ૭,૬૦૦ કરોડના ખર્ચે સ્થાપિત સીજી સેમી આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ (OSAT) ફેસિલિટીનું ભવ્ય ઉદ્ઘાટન કરી કમર્શિયલ ઉત્પાદનનો શુભારંભ કરાવ્યો છે.

આ પ્રસંગે વડાપ્રધાને દેશની પ્રથમ ચિપનું શીપમેન્ટ ગ્લોબલ જાયન્ટ રેનેસાસને સુપ્રત કરીને ભારતની સેમિકન્ડક્ટર ક્રાંતિનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. આ ક્ષણે પીએમ મોદીએ જણાવ્યું હતું કે, 'આજનો આ કાર્યક્રમ પુરાવો છે કે ભારત જે પણ કરવાનો સંકલ્પ કરે છે, તેને દ્રઢતાપૂર્વક અને સમયસર પૂર્ણ કરે છે.

આ મેક ઇન ઇન્ડિયાનો આગામી તબક્કો છે.' આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે ભારત હવે માત્ર ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનો નહીં, પરંતુ સમગ્ર સેમિકન્ડક્ટર વેલ્યુ ચેઇનનું નિર્માણ કરી રહ્યું છે. 'ડિઝાઇન ઇન ઇન્ડિયા' અને 'મેક ઇન ઇન્ડિયા'ના મંત્રને આગળ ધપાવતા ભારત હવે વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનવાની દિશામાં મજબૂત પગલાં ભરી રહ્યું છે.

વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે સાણંદમાં શરૂ થયેલી CG સેમીની OSAT ફેસિલિટી ભારતને ટેક્નોલોજી ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ કડી સાબિત થશે.

તેમણે કહ્યું કે સેમિકોન ઇન્ડિયા કાર્યક્રમ હવે ઝડપથી આગળ વધી રહ્યો છે અને "સ્ટેપ બાય સ્ટેપ, બ્રિક બાય બ્રિક અને ચિપ બાય ચિપ" ભારત મજબૂત સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમનું નિર્માણ કરી રહ્યું છે. મોદીએ યાદ અપાવ્યું હતું કે વર્ષ 2024માં આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો અને ખૂબ જ ટૂંકા ગાળામાં અહીં વ્યાપારી ઉત્પાદન શરૂ થઈ ગયું છે. ભારત જે સંકલ્પ કરે છે તેને દૃઢ નિશ્ચય સાથે પૂર્ણ પણ કરે છે. પ્રધાનમંત્રીએ મુલાકાત દરમિયાન યુવા એન્જિનિયરો અને કર્મચારીઓ સાથે સંવાદ સાધ્યો હતો.



# ગુજરાતમાં પ્રથમવાર સુરતથી 'રાત્રિ સેવા સેતુ'ની શરૂઆત

**હવે** શ્રમિકોને રાત્રે મળશે સરકારી સેવાઓ

**ધારાસભ્ય** મુકેશભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને પ્રમાણપત્રો અપાયાં

સુરતઃ સરકારી યોજનાઓનો લાભ મેળવવા માટે દિવસ દરમિયાન કચેરીઓમાં ધક્કા ખાવા પડતા શ્રમિકો અને આર્થિક રીતે નબળા વર્ગના પરિવારોને ધ્યાનમાં રાખીને સુરત જિલ્લા વહીવટી તંત્ર અને મનપાએ રાજ્યમાં પ્રથમવાર અનોખી પહેલ કરી છે. સમગ્ર ગુજરાતમાં સૌપ્રથમ વખત સુરતમાં 'રાત્રિ સેવા સેતુ'કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે, જેના માધ્યમથી સાંજ અને રાત્રિના સમયે નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવી.

રાંદેર ઝોન અંતર્ગત વરિયાવ પ્રાથમિક શાળામાં યોજાયેલા આ કાર્યક્રમમાં શહેરી આદિજાતિ સમુદાય અને આદિમ જૂથોના પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજનાના બેનિફિશિયરી લેડ કન્સ્ટ્રક્શન (BLC) ઘટક સહિત વિવિધ સરકારી યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ધારાસભ્ય મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને લાભાર્થીઓને આવકના દાખલા, વિવિધ પ્રમાણપત્રો અને યોજનાઓના લાભો અર્પણ કરવામાં આવ્યા. ધારાસભ્ય મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના વિશેષ પ્રયાસોથી આ નવી પહેલ અમલમાં મુકાઈ છે. તેમણે જણાવ્યું કે, મોટાભાગના શ્રમિકો સવારથી સાંજ સુધી રોજગારમાં વ્યસ્ત રહેતા હોવાથી સરકારી કચેરીઓમાં જઈ શકતા નથી. આવા પરિવારોને સરકારી યોજનાઓથી વંચિત ન રહેવું પડે તે માટે હવે વહીવટી તંત્ર જ તેમના દ્વારે પહોંચ્યું છે. 'રાત્રિ સેવા સેતુ'અંતર્ગત એક જ સ્થળે આવકનો દાખલો, આધારકાર્ડ સંબંધિત કામગીરી, પેઢીનામું, મરણ દાખલા, વિવિધ પ્રમાણપત્રો તેમજ અન્ય સરકારી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આથી શ્રમિકોને રોજગાર છોડ્યા વિના સાંજના સમયે જ જરૂરી દસ્તાવેજો મેળવી શકવાની સુવિધા મળી.

# સુમુલની ચૂંટણીમાં 9 બેઠક પર સીધી ટક્કર, ઉચ્છલમાં અસમંજસ

**ભાજપની** મેન્ડેટ પેનલ સામે સુમુલ પશુપાલક હિત રક્ષક પેનલ મેદાનમાં, ભાજપના બળવાખોરોથી ચાર બેઠક પર જંગ રસપ્રદ

**ગુપ્ત** મતદાન માટે બેલેટમાં અનુક્રમ નંબર નહીં રાખવા અને એકસરખા ચૂંટણી ચિહ્ન આપવા સુમુલ પશુપાલક હિત રક્ષક પેનલના 9 ઉમેદવારની માંગ

### મહુવા, કુકરમુંડા, ઓલપાડ અને ડોલવણ બેઠક પર ભાજપના બળવાખોર મેદાનમાં

સુમુલ ડેરીની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત સત્તાધારી મેન્ડેટ પેનલ સામે ભાજપના ઉમેદવારોએ 7 બેઠક પર બળવો કરી ઉમેદવારી નોંધાવી હતી. એ પૈકી ત્રણ વાલોડ, વ્યારા સહિતની ત્રણ બેઠક પર ભાજપના બળવાખોર ઉમેદવારોને સમજાવી લેવાયા હતા પણ મહુવા, કુકરમુંડા, ઓલપાડ અને ડોલવણ બેઠક પર ભાજપના બળવાખોર મેદાન છોડ્યું નથી.
(1) કૂકરમુંડા બેઠક પર ભાજપના સિટિંગ ડિરેક્ટર સંજય સૂર્યવંશી સામે ભાજપના બળવાખોર મણિલાલ પુનાભાઈ પટેલે, કોંગ્રેસ તરફે ઇન્દ્રસિંગ આતરિયાભાઈ વસાવાએ ઉમેદવારી કરી ત્રિકોણીય જંગની સ્થિતિ ઊભી કરી છે. (2) ડોલવણ બેઠક પર ભાજપના સત્તાવાર ઉમેદવાર શૈલેષ પટેલ સામે ભાજપના બળવાખોર વિજય માવજી ચૌધરી મેદાનમાં છે. કોંગ્રેસે અહીં યગ્નેશ નટુભાઈ ગામીતને સમજાવી ફોર્મ પરત ખેંચાવી લઈ વન ટુ વન ફાઇટની સ્થિતિ સર્જી છે. વિજય ચૌધરી પાઉં કોંગ્રેસી નેતા માવજીભાઈ ચૌધરીના પુત્ર છે. (3) ઓલપાડઃ ભાજપના સત્તાવાર ઉમેદવાર ધનસુખ પટેલ સામે જયેશભાઈ પટેલ (દેલાડ) સમર્થક બળવાખોર ઉમેદવાર વસંત પટેલ ભાજપના ઉમેદવાર માજી ધારાસભ્ય ધનસુખ પટેલ સામે મેદાનમાં ટકી રહ્યા છે. (4) મહુવા બેઠક પર ભાજપના સત્તાવાર ઉમેદવાર જીગર નાયક સામે ભાજપના બળવાખોર ઉમેદવાર ધનંજય પટેલ મેદાનમાં ટકી રહ્યા છે. અહીં ગત ચૂંટણીમાં સારો દેખાવ કરનાર કોંગ્રેસના ઉમેદવાર દિનેશ ખંડુ પટેલ અને અપક્ષ ગુણવંત વહિયા પણ મેદાનમાં છે.

સુરતઃ સુરત-તાપી જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ (સુમુલ ડેરી)ની ડિરેક્ટર મંડળની ચૂંટણી હવે વધુ રસપ્રદ બની છે. ભાજપની મેન્ડેટ પેનલ સામે સુમુલ પશુપાલક હિત રક્ષક પેનલે 9 બેઠક પર પોતાના ઉમેદવારો ઉતારતાં સીધો જંગ જામ્યો છે. સુમુલની 9 બેઠકની ચૂંટણીમાં કુલ 23 ઉમેદવાર મેદાનમાં રહ્યાં છે. તાપી જિલ્લાની ઉચ્છલ બેઠક પર માજી ધારાસભ્ય અને કોંગ્રેસના ઉમેદવાર સુનિલ ગામિતનું નિધન થતાં ચૂંટણી અધિકારી એન.એન. સવાણી સોમવારે નિર્ણય જાહેર કરશે. બીજી તરફ મહુવા, કુકરમુંડા, ઓલપાડ અને ડોલવણ બેઠકો પર ભાજપના બળવાખોર ઉમેદવારો મેદાનમાં રહેતાં ચૂંટણીમાં ત્રિકોણીય અને ચતુષ્કોણીય સ્પર્ધા સર્જાઈ છે.

ઉચ્છલ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે ફોર્મ ભરનાર અને બાદમાં ઉમેદવારી પરત ખેંચનાર સમીર દામજી વસાવાએ ચૂંટણી અધિકારીને લેખિત અરજી આપી આ બેઠકની ચૂંટણી હાલ પૂરતી મોકૂફ રાખવાની માંગ કરી છે.

દરમિયાન સુમુલ પશુપાલક હિત રક્ષક પેનલના તમામ 9 ઉમેદવારએ ચૂંટણી અધિકારીને સંયુક્ત લેખિત રજૂઆત કરીને માંગ કરી છે કે જો ભાજપની મેન્ડેટ પેનલના ઉમેદવારોને એકસરખું ચૂંટણી ચિહ્ન ફાળવવામાં આવે તો તેમની પેનલના તમામ ઉમેદવારોને પણ 'કાચનો ગ્લાસ', 'સોફા' અથવા 'કરવત' પૈકી કોઈ એક સમાન ચૂંટણી ચિહ્ન ફાળવવામાં આવે, જેથી મતદારોને પેનલની ઓળખ સરળતાથી થઈ શકે.

ઉપરાંત પેનલના ઉમેદવારોએ ગુપ્ત મતદાનની પારદર્શિતા જળવાઈ રહે તે માટે બેલેટ પેપર પર અનુક્રમ નંબર ન મૂકવાની પણ ચૂંટણી અધિકારી સમક્ષ લેખિત માંગણી કરી છે.

# સુમુલઃ ઉમરપાડામાં કોંગ્રેસની દરખાસ્ત મૂકનાર ભાજપમાં

**દરખાસ્ત** મૂકનાર રવિન્દ્ર વસાવા ફોર્મ ભરાયું એ દિવસથી સંપર્કવિહોણા બન્યા હતા

સુરતઃ સુમુલ ડેરી સુરતની ચૂંટણીમાં ઉમરપાડા તાલુકાની બેઠકના કોંગ્રેસના ઉમેદવાર સોનજીભાઈ કોટીયાભાઈ વસાવાના ઉમેદવારી ફોર્મમાં દરખાસ્ત કરનાર રવિન્દ્રભાઈ વસાવાએ પ્રદેશ ભાજપ આદિજાતિ મોર્ચાના પ્રમુખ અને માંગરોળ - ઉમરપાડાના ધારાસભ્ય ગણપત વસાવાના હસ્તે ભાજપ પ્રવેશ કરી કેસરિયો ધારણ કર્યો છે.તેઓ ભાજપના મેન્ડેટ વાળા ઉમેદવાર અમિષ મણિલાલભાઈ વસાવાને ટેકો જાહેર કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

કોંગ્રેસના ઉમેદવાર સોનજીભાઈ કોટીયાભાઈ વસાવાની દરખાસ્ત મુકનાર છેલ્લા કેટલાક દિવસથી ગાયબ હતા.તે છેક ધારાસભ્ય ગણપત વસાવા સમક્ષ આજે હાજર થયા હતા.સુમુલ ડેરીની ઉમરપાડા બેઠકના ઉમેદવાર અમિષ મણિલાલભાઈ વસાવા સામે કોંગ્રેસના ઉમેદવાર સોનજીભાઈ કોટીયાભાઈ વસાવા એ ફોર્મ ભરતી વખતે દરખાસ્ત મુકનાર,ટેકો આપનારને ચૂંટણી અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રાખ્યા હતા.

સુમુલના બંધારણ અને ચૂંટણી નિયમો મુજબ ઉમેદવાર સાથે દરખાસ્ત મુકનાર,ટેકો આપનારને ચૂંટણી અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહ્યાં હોય ત્યારે પાછળથી એ ફરી જાય, હોસ્ટાઇલ થાય તો પણ ઉમેદવારનું ફોર્મ રદ થતું નથી. એને લીધે કોંગ્રેસ ઉમેદવારનું નામ માન્ય ઉમેદવારોની અંતિમ યાદીમાં પણ ચૂંટણી અધિકારીએ જાહેર કર્યું હતું.

# સુરતમાં ગ્રામ્ય ડીઈઓનો વધારાનો ચાર્જ શહેરના ડીઈઓને સોંપાયો

**ડીઈઓ** કચેરીના વિભાજન બાદ તાત્કાલિક વહીવટી વ્યવસ્થા ગોઠવાઈ

**હાલ** ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી પણ અઠવાલાઈન્સ સ્થિત ડીઇઓ કચેરીમાંથી જ કાર્યરત રહેશે

### શહેર-જિલ્લાની શાળાઓના વહીવટી કામકાજમાં ઝડપ આવશે

શિક્ષણ વિભાગના આ નિર્ણયથી સુરત જિલ્લાના શહેર અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓના વહીવટી કામકાજમાં વધુ સ્પષ્ટતા આવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. અલગ કચેરીઓ કાર્યરત થતાં શાળાઓ, શિક્ષકો અને વાલીઓના પ્રશ્નોના ઝડપી નિરાકરણ તેમજ વિવિધ શૈક્ષણિક યોજનાઓના અસરકારક અમલીકરણમાં પણ મદદ મળશે.

સુરતઃ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા શિક્ષણ વહીવટને વધુ અસરકારક અને સુવ્યવસ્થિત બનાવવા માટે હાથ ધરાયેલી પુનઃરચનાના ભાગરૂપે સુરતમાં હવે શહેર અને ગ્રામ્ય માટે અલગ જિલ્લા શિક્ષણાધિકારી (ડીઇઓ) કચેરીઓનું માળખું અમલમાં આવ્યું છે. આ નવી વ્યવસ્થા હેઠળ સુરત (ગ્રામ્ય) જિલ્લા શિક્ષણાધિકારીની જગ્યા ખાલી હોવાથી તેનો વધારાનો વહીવટી હવાલો હાલના સુરત શહેર જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. ભગીરથસિંહ પરમારને સોંપવામાં આવ્યો છે.

શિક્ષણ વિભાગે જાહેર કરેલા સત્તાવાર પરિપત્ર અનુસાર, નવેમ્બર ૨૦૨૫માં રાજ્ય સરકારે કેટલાક મોટા જિલ્લાઓની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓનું વિભાજન કરવાનો નિર્ણય લીધો હતો. તેના અમલીકરણના ભાગરૂપે હવે સુરતમાં પણ અલગ શહેર અને ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ અસ્તિત્વમાં આવી છે. આ પગલાથી શિક્ષણ વહીવટમાં ઝડપ, પારદર્શિતા અને સ્થાનિક સ્તરે નિર્ણયક્ષમતા વધારવાનો ઉદ્દેશ્ય છે. નવી વ્યવસ્થામાં ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારીની નિયમિત નિમણૂક ન થાય ત્યાં સુધી વહીવટી કામગીરીમાં કોઈ વિલંબ ન થાય તે માટે રાજ્ય સરકારે વધારાનો ચાર્જ સોંપવાનો નિર્ણય કર્યો છે. તે મુજબ ડૉ. ભગીરથસિંહ પરમાર હવે શહેર જિલ્લા શિક્ષણાધિકારી તરીકેની ફરજો ઉપરાંત સુરત ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી તરીકેની જવાબદારીઓ પણ નિભાવશે. ડૉ. ભગીરથસિંહ પરમારે જણાવ્યું હતું કે હાલમાં સુરત ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અઠવાલાઈન્સ સ્થિત હાલની જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાંથી જ કાર્યરત રહેશે. ગ્રામ્ય કચેરી માટે અલગ સ્થળ નક્કી કરવાની પ્રક્રિયા હવે શરૂ કરવામાં આવશે. નવી કચેરી માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ઉભી થયા બાદ ગ્રામ્ય કચેરીને અલગ સ્થળે ખસેડવામાં આવશે.

# બળાત્કાર કેસમાં ૨૦ વર્ષની કેદ

સુરતઃ પ્રેમસંબંધમાં ૧૬ વર્ષીય સગીરાને ભગાડી જઈ અવારનવાર બળાત્કાર ગુજારનાર આરોપી દિલીપ ઉર્ફે મોનું હનુમાનપ્રસાદ મિશ્રાને દોષિત ઠેરવી ૨૦ વર્ષની કેદની સજા અને ૬૦ હજારનો દંડ સ્પેશિયલ પોક્સો કોર્ટનાં જજ હિતેષકુમાર મુકુંદરાય વ્યાસે ફટકાર્યો હતો. લિંબાયત પોલીસ સ્ટેશને નોંધાયેલી આ કેસની ફરિયાદ મુજબ ફેબ્રુઆરી, 2025ના રોજ રાત્રે સગીરા પોતાના ઘરેથી બાથરૂમ જવાનું કહી બહાર નીકળી હતી, પરંતુ પરત ફરી નહોતી. પરિવારજનોએ આસપાસ તેમજ રેલવે અને બસ સ્ટેશન સહિત વિવિધ સ્થળોએ શોધખોળ કર્યા બાદ લિંબાયત પોલીસમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

તપાસ દરમિયાન પોલીસને માહિતી મળી કે સગીરા અને આરોપી ઉત્તર પ્રદેશમાં છે. ત્યારબાદ સ્થાનિક પોલીસની મદદથી બંનેને સુરત લાવવામાં આવ્યા હતા. આરોપીએ લગ્ન કરવાની લાલચ આપી તેને કડોદરા લઈ જઈ ભાડાના રૂમમાં રાખી વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ પોલીસ શોધી રહી હોવાની જાણ થતાં બંને ઉત્તર પ્રદેશ ભાગી ગયા હતા. આરોપી વિરુદ્ધ પોલીસે પોક્સો એક્ટ સહિતની કલમો અન્વયે કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ વિશાલ ફળદુ કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી દિલીપ ઉર્ફે મોનુંને ૨૦ વર્ષની સજા ફટકારી હતી.

# રઘુકુળ માર્કેટના વેપારી સાથે રૂ.૨૯.૯૨ લાખની છેતરપિંડી

**૩૧,૩૮,૩૩૫નું** કાપડ ખરીદ્યું જેમાંથી ૧.૪૬ રૂપિયાનું કાપડ પરત કરી બાકીના નાણાં નહીં ચૂકવ્યાં

સુરતઃ જયપુરના એક વેપારી અને વહીવટદારે રઘુકુળ ટેક્સટાઈલ માર્કેટના વેપારીને પોતાની જાળમાં ફસાવી સમયસર પેમેન્ટ ચૂકવવાનો ખોટો ભરોસો આપ્યો હતો.

આ ત્રિપુટીએ લાખો રૂપિયાનો કાપડનો માલ ઉધાર મેળવી લીધા બાદ પેમેન્ટ ચૂકવવાને બદલે હાથ ઊંચા કરી દેતા આખરે સલાબતપુરા પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે.

વેસુ વી.આઈ.પી. રોડ પર કેપિટલ ગ્રીન પાસે સંગીની એપાર્ટમેન્ટમાં રહેતા ગૌરવ વિરેન્દ્ર જૈન (ઉ.વ. ૩૯) રિંગ રોડની પ્રખ્યાત રઘુકુળ ટેક્સટાઈલ માર્કેટમાં 'વિરેન સિલ્ક મિલ્સ પ્રાઈવેટ લિમિટેડ' નામે કાપડનો વેપાર કરે છે.

તેમની પેઢીનો સંપર્ક રાજસ્થાનના જયપુર સ્થિત 'મહાદેવ ક્રિએશન'ના પ્રોપ્રાયટર હુમક બાબુ ભારતી (રહે. બારમેર, રાજસ્થાન) તથા આ ફર્મનો તમામ વહીવટ સંભાળતા અશોક દલારામ (રહે. જોધપુર, રાજસ્થાન) સાથે થયો હતો. તેમણે તારીખ ૨૦ જૂન ૨૦૨૫થી ૨૮ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન અલગ-અલગ ચલણો અને બિલ મારફતે કુલ રૂ.૩૧,૩૮,૩૩૫ની કિંમતનું કાપડ ઉધારીમાં મંગાવ્યું હતું. ત્યારબાદ સમયસર નાણાં નહીં આવતા તેમણે ઉઘરાણી શરુ કરતાં રૂ.૧,૪૬,૩૦૧ની કિંમતનો કાપડનો માલ પરત મોકલી આપ્યો હતો, પરંતુ બાકી નીકળતા રૂ.૨૯,૯૨,૦૩૪ ચૂકવવાનો ઇનકાર કરી દેતા વેપારીએ કરેલી ફરિયાદના આધારે પોલીસે

હુમક ભારતી અને અશોક દલારામ વિરુદ્ધ વિશ્વાસઘાત અને ઠગાઈનો ગુનો નોંધી તેમને પકડવા એક ટીમ રાજસ્થાન મોકલી છે.

# રશિયા રફ ડાયમંડ પર ફરી 8 ટકા નિકાસ ડ્યૂટી લગાવશે

**સુરત--** મુંબઈના ડાયમંડ કટિંગ-પોલિશિંગ ઉદ્યોગ પર વ્યાપક અસર પડશે

સુરતઃ રશિયન સરકારે 1 સપ્ટેમ્બર, 2026થી રફ હીરાના નિકાસ પર ફરીથી 8 ટકા એક્સપોર્ટ ડ્યૂટી લાગુ કરવાની જાહેરાત કરી છે. આ નિર્ણયની સુરત,મુંબઈના ડાયમંડ કટિંગ-પોલિશિંગ ઉદ્યોગ પર વ્યાપક અસર પડશે.

રશિયન સરકારે લીધેલા આ નિર્ણયથી 0.45 કેરેટથી 10.8 કેરેટ વજનના રફ હીરા તેમજ 10.8 કેરેટથી વધુ વજનના ખાસ કટના હીરા પર લાગુ પડશે. નવી ડ્યૂટી એવી શ્રેણીઓમાં લાગુ થશે, જે ઘરેલું કટિંગ અને પોલિશિંગ માટે આર્થિક રીતે યોગ્ય માનવામાં આવે છે.

રશિયાએ વર્ષ 2016 સુધી રફ હીરાના નિકાસ પર 6.5 ટકા ડ્યૂટી વસૂલ કરી હતી. જોકે,વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO)માં પ્રવેશ બાદ આ ડ્યૂટી હટાવવામાં આવી હતી. હવે ફરીથી નિકાસ ડ્યૂટી લાગુ કરવાનો નિર્ણય સ્થાનિક હીરા ઉદ્યોગની સ્પર્ધાત્મકતા વધારવા અને દેશની અંદર મૂલ્યવર્ધનને પ્રોત્સાહન આપવા માટે લેવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે.

સરકારનું માનવું છે કે રફ હીરાની સ્થાનિક સ્તરે પ્રક્રિયા વધવાથી હીરા કાપવા અને પોલિશિંગ ઉદ્યોગને મજબૂતી મળશે, રોજગારીમાં વધારો થશે તેમજ નાના કદના હીરાના પ્રોસેસિંગ ક્ષેત્રમાં પણ વિકાસને વેગ મળશે. આ નિર્ણયની અસર વૈશ્વિક હીરા વેપાર પર પણ જોવા મળી શકે છે.

ભારત વિશ્વના અંદાજે 90 ટકા રફ હીરાનું કટિંગ અને પોલિશિંગ કરે છે, જ્યારે રશિયા હાલમાં પોતાના ઉત્પાદિત રફ હીરામાંથી અંદાજે 5 ટકા કરતાં પણ ઓછા હીરાની સ્થાનિક સ્તરે પ્રક્રિયા કરે છે. આવા સંજોગોમાં રશિયાની નવી નીતિથી હીરાના વૈશ્વિક સપ્લાય ચેઇન અને ભારતના હીરા ઉદ્યોગ, ખાસ કરીને સુરતના ડાયમંડ પ્રોસેસિંગ સેક્ટર પર તેની અસર કેવી રહે છે તેના પર ઉદ્યોગ જગતની નજર રહેશે.

# સલાબતપુરા મોમનાવાડના ચીટરો સામે ઠગાઈનો ગુનો

**એમ.એમ.** લેસના નામે બે વેપારી પાસે રૂ.૪૮.૨૭ લાખનું કાપડ ખરીદી હાથ ઊંચા કરી દીધા

**૨૫ માર્ચ**-૨૦૨૫થી ૨ જુલાઈ-૨૦૨૫ દરમિયાન ભાવેશભાઈની પેઢીમાંથી જુદાં-જુદાં બિલ અને ચલણો દ્વારા રૂ.૨૮,૯૮,૭૧૯નો કાપડનો જથ્થો ઉધારમાં ખરીદ્યો હતો

સુરતઃ સલાબતપુરા વિસ્તારમાં પ્રતિષ્ઠિત કાપડ દલાલ હોવાની ખોટી ઓળખ આપીને ત્રણ ભાગીદારોની ટોળકીએ બે જુદા-જુદા વેપારીઓ પાસેથી કુલ રૂ.૪૮,૨૭,૮૫૨નું પેમેન્ટ ચૂકવવાને બદલે હાથ ઊંચા કરી દેતા આખરે સલાબતપુરા પોલીસ મથકે છેતરપિંડીનો ગુનો નોંધાયો છે.

સરથાણાના ગઢપુર રોડ પર આવેલી જીવનદીપ પાર્ક સોસાયટીમાં રહેતા કાપડના વેપારી ભાવેશભાઈ ગોકુલભાઈ રાણપરીયાનો સલાબતપુરા મોમનાવાડ ખાતે 'એમ.એમ. લેશ હાઉસ' નામે એજન્સી ચલાવતા ત્રણ ભાગીદારો મોહંમદ સીદીક સાહેબ મેમણ, મોહંમદ ઝકવાન મોહંમદ અનવર જનરલ અને અબ્દુલ્લાએ સંપર્ક કર્યો હતો. આ ત્રણેયે તેમની પાસેથી

૨૫ માર્ચ ૨૦૨૫થી ૨ જુલાઈ ૨૦૨૫ દરમિયાન ભાવેશભાઈની પેઢીમાંથી જુદા-જુદા બિલ અને ચલણો દ્વારા રૂ.૨૮,૯૮,૭૧૯નો કાપડનો જથ્થો ઉધારમાં ખરીદ્યો હતો. આટલું જ નહીં, આ જ ટોળકીએ અન્ય એક વેપારી ભાવેશભાઈ અરજણભાઈ દુધાતની માલિકીની 'અંબિકા આર્ટ' નામની ફર્મમાંથી પણ ગત ૨૪ જૂન ૨૦૨૫થી ૨૩ જુલાઈ ૨૦૨૫ દરમિયાન રૂ.૧૯,૨૯,૧૩૪ની કિંમતનો લેસનો માલ ખરીદી લીધો હતો. બંને વેપારીઓ પાસેથી કુલરૂ.૪૮.૨૭ લાખથી વધુનો માલ ટ્રાન્સફર કરાવી લીધા બાદ નાણા ચૂકવવાને બદલે તેમણે હાથ ઊંચા કરી દેતા ભાવેશભાઈ રાણપરીયાએ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ત્રણેય ભાગીદારો વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### બે ઇંચ વરસાદમાં...

વિસ્તારોને જળબંબાકારમાં ફેરવી દીધા. મુખ્ય માર્ગો પર પાણી ભરાઇ જતાં વાહનચાલકો કલાકો સુધી હાલાકી ભોગવતા રહ્યા, અનેક વાહનો રસ્તા વચ્ચે જ બંધ પડી ગયા અને ટ્રાફિકની લાંબી કતારો લાગી ગઈ. લુન્સીકુઇ મેદાનમાંથી ધસમસતું વરસાદી પાણી રસ્તા પર ફરી વળતાં સ્થિતિ વધુ ગંભીર બની હતી. ગઇકાલે ભારે વરસાદને પગલે શુક્રવારે ગણદેવી તાલુકાઓમાં વહેતી નદીઓએ કાંઠા વટાવ્યા હતા. જે બાદ મોડી રાત્રે પૂર ઓસર્યા હતા. દરમ્યાન અંબિકા નદી ભયજનક ૨૮ ફૂટની સપાટી વટાવી ૩૨.૦૪ ફૂટ વહેતા બીલીમોરા- અમલસાડ માર્ગ ઉપર પૂલનાં એપ્રોચમાં ગાબડું સર્જાયું હતું. વહેલી સવારે માર્ગને બંધ કરી યુદ્ધના ધોરણે સમારકામ કરતાં બપોર બાદ માર્ગ ઉપર ફરી વાહન વ્યવહાર ધબકતો થયો હતો.

### રેડ એલર્ટ...

રહ્યું હતું. હવામાં 98 ટકા ભેજ નોંધાયો હતો અને દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન આશરે 6 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયો હતો, જેના કારણે સમગ્ર જિલ્લામાં ઠંડકભર્યું વાતાવરણ અનુભવાયું.

### ઉકાઇડેમમાં 17...

ઉકાઈ ડેમમાં સિઝનની પ્રથમ પાણીની આવક શરૂ થઈ હતી. હાલ ડેમની સપાટી 308.60 ફૂટ નોંધાઈ છે. વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને જળસંપત્તિ વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે ડેમમાં પાણીની આવક મોડી શરૂ થઈ છે. વર્ષ 2025માં 18 જૂનના રોજ જ ઉકાઈ ડેમમાં પ્રથમ પાણીની આવક શરૂ થઈ ગઈ હતી, જ્યારે આ વર્ષે તે 17 દિવસના વિલંબ બાદ શરૂ થઈ છે. ચોમાસાની શરૂઆત ધીમી રહેતા ઉપરવાસમાં પૂરતો વરસાદ ન થતાં પાણીની આવકમાં વિલંબ થયો હતો. જોકે છેલ્લા બે દિવસથી વરસાદનું જોર વધતાં હવે સ્થિતિ બદલાઈ રહી છે. ઉકાઈ ડેમના કેચમેન્ટ વિસ્તારમાં આવેલા અનેક વિસ્તારોમાં છેલ્લા 24 કલાક દરમિયાન મધ્યમથી ભારે વરસાદ નોંધાયો હતો. તેમાં સૌથી વધુ વરસાદ નિઝામપુરમાં 191 મીમી (આશરે 8 ઇંચ) નોંધાયો હતો. ઉપરવાસમાં સતત વરસી રહેલા વરસાદને પગલે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ડેમોમાંથી પણ પાણી છોડવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. હથનુર ડેમના 24 ગેટ એક મીટર સુધી ખોલીને અંદાજે 53 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જ્યારે પ્રકાશા ડેમના ચાર ગેટ બે મીટર સુધી ખોલીને અંદાજે 23 હજાર ક્યુસેક પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. આ પાણી આગામી કલાકોમાં ઉકાઈ ડેમ સુધી પહોંચતાં ડેમમાં પાણીની આવકમાં વધુ વધારો થવાની શક્યતા છે.

### OTP શેર...

કબૂલ્યું હતું. OTP તથા અન્ય માહિતી અજાણી/ત્રાહીત વ્યક્તિને આપી હોવાનું એટલે કે ગ્રાહકની પોતાની બેદરકારીના પરિણામે ત્રાહીત વ્યક્તિએ નાણાં ઉપાડી લીધા હતા જેમાં બેંકની કોર બેંકિંગ સિસ્ટમમાં કોઈ ટેકનિકલ ખામી કે બેન્કની સેવામાં ક્ષતિ નહોતી. આ દલીલો ગ્રાહ્ય રાખીને સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (મુખ્ય)ના પ્રમુખ પી.પી. મેખીયા અને સભ્ય ડો. તીર્થશભાઈ મહેતા અરજી ફગાવી દીધી હતી.

### સુરતમાં સાંજે...

સર્જાઈ હતી અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

મનપાના આંકડા મુજબ વરાછા-બી ઝોનમાં સૌથી વધુ 49 મીમી (લગભગ 2 ઈંચ) વરસાદ નોંધાયો હતો. જ્યારે રાંદેર અને ઉધના ઝોનમાં 47-47 મીમી (1.85 ઈંચ) વરસાદ વરસ્યો હતો. કતારગામ ઝોનમાં 25 મીમી, વરાછા-એમાં 26 મીમી, લિંબાયત ઝોનમાં 31 મીમી તેમજ સેન્ટ્રલ અને અઠવા ઝોનમાં 17-17 મીમી વરસાદ નોંધાયો હતો.વરાછા-બી, રાંદેર અને ઉધના ઝોનમાં ભારે વરસાદને પગલે કેટલાક નીચાણવાળા માર્ગો પર પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. મુખ્ય માર્ગો પર વાહનોની અવરજવર ધીમી પડી હતી, જ્યારે કેટલાક આંતરિક વિસ્તારોમાં વરસાદી પાણીના ભરાવાને કારણે સ્થાનિક રહેવાસીઓને અવરજવરમાં મુશ્કેલી પડી હતી. જોકે, મનપાની ડ્રેનેજ અને ફાયર વિભાગની ટીમો પાણીના ઝડપી નિકાલ માટે મેદાને ઉતરી હતી.

### ફોર્મ ખેંચવાના...

શામગહાન સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ તેમનું અવસાન હૃદયરોગના હુમલાના કારણે થયુ હોવાનું જાણવા મળ્યું છે. હાલ તેમના મૃતદેહનું ડોક્ટરોની ટીમ દ્વારા પેનલ પોસ્ટમોર્ટમ કરવામાં આવી રહ્યું છે.ત્યારબાદ સાપુતારા પોલીસ દ્વારા જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. માજી ધારાસભ્ય અને સહકારી આગેવાન સુનિલભાઈ ગામીતના નિધનના સમાચાર મળતા જ તેમના સમર્થકો, શુભેચ્છકો, રાજકીય આગેવાનો અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ડાંગનાં શામગહાન હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા.સૌએ તેમના નિધન પર ઊંડું દુઃખ વ્યક્ત કરી પરિવારજનો પ્રત્યે હાર્દિક સંવેદના વ્યક્ત કરી હતી. હાલમાં પરિવારજનો દ્વારા ડાંગનાં શામગહાન સી.એચ.સી ખાતે તેઓનું પી.એમ.કરાવી મૃતદેહને વતન જામકી તા.ઉચ્છલ ખાતે લઈ જવાની તજવીજ હાથ ધરી છે.

સુનિલ ગામિત 2017 થી 2022 સુધી તાપી જિલ્લાની નિઝર વિધાનસભા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેઓ 2015 થી 2025 સુધી બે ટર્મ સુમુલ ડેરીમાં ભાજપના સત્તા લક્ષી વાવાઝોડા વચ્ચે ચૂંટણી જીત્યા હતા. ઉચ્છલ તાલુકાની મહત્વની સહકારી મંડળી સાથે તેઓ સંકળાયેલા હતા, સુનિલ ગામીતના નિધનથી તાપી જિલ્લાના સહકારી ક્ષેત્રને અને કોંગ્રેસને મોટું નુકશાન થયું છે.